

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

લપકતી જીભે લે નિશાન પાછળ પડી જાય છે!
કોરોના ગરોળી લૈ, લે ઝપટે જીવો ગળી જાય છે!
ચડી જાય ચિત્રગુપ્ત ચોપડે, મટે નામનિશાન -
અચાનક આશાઓ અને અરમાનો બની જાય છે!
(આઘાતજનક, મૃત્યુનો ઓછાયો)

### હાઈકુ

ખોવાઈ જાય -
જીવ, - રહે છે માત્ર
રજીસ્ટ્રેશન!

લઈ જાય છે!
દર્દીઓ પોતાનો જ
પ્રાણનો વાયુ!

### ચિંતન

*ગુરુ સંગતિ, ગુરુ હોઈ સો, લઘુ સંગતિ લઘુ નામ ।*
*ચાર પદારથ મેં ગનૈં, નરક દ્વારહૂ કામ ॥*

ઉપરોક્ત સાખી તુલસીકૃત દોહાવલીમાંથી લેવામાં આવેલ છે.

મોટાની સંગતિથી મનુષ્ય મોટો બને છે અને નાનાની સંગતિથી એનું નામ પણ નાનું થઈ જાય છે. જે પ્રમાણે ધર્મ, અર્થ અને મોક્ષની સાથે રહેવાથી નરકના ધરવાજા સમાન કામની ગણતરી પણ ચાર પદાર્થોમાં થાય છે અહીં સત્સંગમાં ઊર્ધ્વગતિ દર્શાવી હવે કુસંગ દ્વારા થતી અધોગતિ દર્શાવે છે.

સત્સંગના પ્રભાવથી જ વ્યક્તિની ગણના સજ્જન સાથે થાય છે દુર્જન સાથેની મૈત્રી ઓળખ કે અનુભવ વિના પણ લોકો નિશ્ચિતપણ નક્કી કરી શકે છે.

### સુવિચાર

- સવાલ : સરળ શું અને કઠિન શું ? જવાબ : પરમાત્માને માનવા એ સરળ છે, પરમાત્માનું માનવું એ કઠિન છે - **જીવન પાથેય**
- સત્યના જયમાં જેમણે શ્રદ્ધા નથી હોતી તેઓ દુનિયાની કુટિલતાની ભભકમાં અંજાઈ નિર્લજ્જ બને છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આઈના ભલા કબ કિસી કો સચ બતા પાયા હૈ, જબ ભી દેખો દાંયા, તો બાંયા નજર આયા હૈ ! - **અમૃતબિંદુ**
- ભેટ્યો છું મોતને કૈં વાર જિંદગીમાં, આ ખેપિયાની જેમ જ ખાંપણ મને ગમે છે - **અમૃત ઘાયલ**
- પુણ્ય, પાપ અને આયુષ્ય એ કોઈ બીજાને ન આપી શકે, તે દરેક પોતે જ ભોગવે છે - **સંત આત્માનંદજી**
- વેદના, વિલાપ અને વેર - આ ત્રણ ખતરનાક પરિબળોને જન્મ આપવાનું કામ કરે છે ક્રોધ - **આચાર્ય રત્નસુંદર સૂરીશ્વરજી**
- આજનું ઔષધ : હાથ-પગના નખના મૂળમાં ફંગલ ઈન્ફેકશન થયું હોય તો લવીંગના તેલનું પોતું મૂકવું.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જેલમાં એક નવો કેદી દાખલ થયો. એને થોડા વખતમાં ફાંસીની સજા થવાની હતી. એ જ દિવસે દાખલ થયો એના બીજા જ દિવસથી આ નવા કેદીએ પ્રભુભક્તિ શરૂ કરી. જોરજોરથી ગવાતા પ્રભાવિતા અને ભજનથી આખી જેલ ગુંજી ઊઠી. બપોરે પૂજાપાઠ, સાંજે આરતી અને રાત્રે ભજન-કિર્તન! કેદીનો આ નિત્ય ક્રમ થઈ ગયો. એની ભક્તિથી આકર્ષાઈને અન્ય કેદીઓ અને અધિકારીઓ સુદ્ધા એમાં જોડાતા ગયા. કારાગ્રહ જાણે ભક્તિધામ બની ગયું. એક દિવસ અચાનક આ ભજનકિર્તન બધું જ બંધ થઈ ગયું. સૂર્યોદય થઈ થઈ ગયો. છતાં ન કોઈ સ્તુતિ ન કોઈ પ્રભાતિયાં ગવાયા. જેલરને ખૂબ નવાઈ લાગી. એણે પેલા કેદીની રુમ પર જાત તપાસ માટે લટાર મારી. જોયું તો એ કેદી ઘસઘસાટ ઊંઘતો હતો. ભજનની ચોપડી, માળા, મજીરા, કરતાલ બધું એક ખૂણામાં પડ્યું હતું. જેલરે એ ઉંઘતા કેદીને જગાડીને પૂછ્યું, 'અરે, ભાઈ ! બ્રહ્મમુહુર્ત નીકળી ગયું. શું આજે પૂજા-પ્રાર્થના - પ્રભાતિયા નથી કરવા ?? આંખો ચોળતો કેદી બોલ્યો, 'સાહેબ, હવે શેની પૂજા-પ્રાર્થના?? ઘરવાળાએ ગઈકાલે જ મને સમાચાર આપ્યા છે કે મારી ફાંસીની સજા રદ થઈ ને દસ વર્ષની સાદી જેલની સજામાં ફેરવાઈ ચૂકી છે. ભગવાન પાસે જે માંગણી હતી એ પૂરી થઈ. હવે ભગવાનને નકામો હેરાન કરવાનો શો અર્થ ?'

# સમજણપૂર્વકના છૂટાછેડા

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વના અગ્રણી ધનકુબેર બિલ ગેટ્સ અને એમનાં જીવનસાથી મિલિંડા ગેટ્સ દ્વારા ચલાવાઈ રહેલ બિલ ગેટ્સ ફાઉન્ડેશન બાળકો માટે અને દરદીઓ માટે નોંધપાત્ર કામગીરી બજાવી રહ્યું છે. પોતાની મોટા ભાગની સંપત્તિ લોકસેવા પાછળ દાન કરી દેવાની ઉદાર મનોવૃત્તિને કારણે વોરન બફેટ અને બિલ ગેટ્સ દુનિયાભરમાં આદરણીય મહાજન તરીકે ઓળખાતા રહ્યા છે. ભારતમાં એમની હરોળમાં બેસે એવા એક મહાજન છે અઝીમ પ્રેમજી, જે મૂળે કચ્છી માડુ છે. મહાજન પરંપરાનું મૂળ સ્રોત તો છેક અમદાવાદના શ્રેષ્ઠીઓમાં શોધવું પડે. કસ્તુરભાઈ લાલભાઈ અને અરવિંદ મફતલાલ જેવા શ્રેષ્ઠીઓ ગુજરાતે ઘણાં વર્ષો પૂર્વે પકવ્યા છે. આજે વાત કરવી છે. વૈશ્વિક મહાજન યુગલ મિલિંડા અને બિલના દાંપત્ય જીવનમાં સત્યાવીસ વર્ષ પછી આવેલ વળાંકની. બેઉ એકમેક પ્રત્યે સમ્માનની લાગણી ધરાવે છે અને સહજીવનની ફલશ્રુતિ તરીકે પ્રાપ્ત થયેલ ત્રણ બાળકો બાળકે તથા મિશનરી પ્રવૃત્તિના આંતરરાષ્ટ્રીય પ્રતીક સમા ફાઉન્ડેશનનો એમને સંતોષ છે બલકે એ દાનપ્રવૃત્તિ નિરંતર ચાલતી રહે એમાં બેઉ જુદાં પડ્યાં પછી પણ સક્રિય સહયોગ આપતાં રહેવાનાં છે. રઘુવીર ચૌધરીની એક નવલકથાનું નામ છે : 'સમજણપૂર્વક છૂટા પડવું.' આ વિદેશી યુગલ હવે સમજણપૂર્વક છૂટું પડીને આપણને જીવનનો એક આદર્શ ચીંધે છે. સત્યાવીસ વર્ષનું સહજીવન હવે લાંબું ખેંચી શકાશે નહીં. એવી પ્રતીતિ પછી બેઉએ રાજીખુશીથી ડિવોર્સ લીધા છે. બેઉએ ઘણી ઊંડી વિચારણા પછી આ પગલું ભર્યું છે. જો સાથે રહી શકાય એમ ન હોય તો એક ખૂબસૂરત મોડ પર એકમેકથી છૂટા પડી જવું જ બહેતર છે, એ વાત કોઈ ફિલ્મી ગીતમાંથી નહીં પરંતુ આત્મપ્રતીતિથી શીખવી પડે. આપણી સંસ્કૃતિમાં છૂટાછેડા જેવી બાબત હજી આદરની દષ્ટિએ જોવાતી નથી. પરંતુ પશ્ચિમની સંસ્કૃતિમાં ભારરુપ બની ગયેલા સહજીવનનો અંત આપણવાની બાબત સર્વમાન્ય છે. આ પહેલાં એમેઝોનના સીઈઓ જેફ બેજોસે પણ પચ્ચીસ વર્ષના લગ્નજીવન બાદ પત્ની મેકેન્ઝી સાથે છૂટાછેડા લીધા હતા. ભારતમાં સપ્તપદીના શપથ પાળતાં પાળતાં યુગલો મૂંગા મોંએ ઢસરડા કરતાં રહે છે. જો કે હવે પરિસ્થિતિ બદલાઈ છે. ભારતમાં સવિશેષ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સેલિબ્રીટીમાં બ્રેકઅપ સામાન્ય ઘટના બની ચૂકી છે. બિલ ગેટ્સ અને મિલન્ડાએ બ્રેકઅપ પણ એક રોલ મોડેલ રહે એ રીતે લીધેલ છે. બેઉએ કબૂલ્યું છે કે હવે સાથે રહીને અમે વિકસી શકીએ એમ નથી. અમે પરિપક્વ ચર્ચાવિચારણા અને મનોમંથનને અંતે આ નિર્ણય કર્યો છે. જો અમે ભેગાં રહીને આગળ વધી શકીએ એમ ન હોઈએ તો બહેતર છે કે બાકીની જીંદગી અમારી આગવી પસંદગી મુજબ જીવીએ. અર્થાત્ બેઉ પોતપોતાને માટે નવા જીવનસાથી શોધી શકે છે. પશ્ચિમની આ પારદર્શક જીવનશૈલીને આપણા જુનવાણી લોકો સુગાળવી નજરે જોતા રહ્યા છે, પરંતુ ખરું જોતાં એ જીવનશૈલી દંભ વગરની છે. એમાં કયાંય બનાવટ કે સોગિયાં મોઢાં લઈને પડ્યું પાનું નિભાવવાની વાત નથી. બેઉ સત્યાવીસ વર્ષ પહેલાં એકબીજાને મળ્યાં, હળ્યાં અને પરસ્પરની સંમતિથી ઢોલિયે ઢળ્યાં. સત્યાવીસ વર્ષનું દાંપત્ય એમની આર્થિક પ્રગતિની સમાંતરે ત્રણ સંતાનોમાં પરિણમ્યું, જેના પર બેઉને ગર્વ છે. આપણે ત્યાં સંતાનો માબાપ છૂટાં પડે ત્યારે ભારે પીડા અનુભવે છે - વહેંચાઈ જાય છે અને અંદરથી વહેરાઈ જાય છે. પશ્ચિમમાં અમુક ઉંમર પછી પોતાની કરિયર પર ધ્યાન આપે છે અને માતાપિતાને એમની જિંદગી એમની પસંદગી મુજબ જીવવાનો અધિકાર છે એવું માને છે. આ વૈશ્વિક સેલિબ્રિટીના જીવનમાંથી આપણે ઘણું બધું શીખી શકીએ. ફક્ત આપણી સંસ્કૃતિ અને પરંપરાનાં ગુણગાન કરીને જીવનને બોજારુપ બનાવી દેવા કરતાં આવા મુક્ત વિચારને અનુસરવું એ સમયની તાકીદ છે. આખરે જિંદગી તો માણસને મળેલું મહામૂલું વરદાન છે. એ ઈશ્વરીય સોગાત છે એને વેડફી ન દેવાય - એને સમજણપૂર્વક છૂટાં પડીને પણ મહેંકતી રાખવામાં જ શ્રેય છે.

# એ ખમીશ મારી માંએ મને સીવડાવી આપ્યું હતું



નવાં કલેવર
નટવર હેડાઉ

તે દિવસે જમવામાં જરા મોડું થઈ ગયું હતું. છતાં જમ્યા પછી નિત્યક્રમ મુજબ બહાર આંટો મારવાની ટેવે કારણે મુકુંદભાઈ પોતાની જાતને રોકી શક્યા નહીં. ઘેરથી નીકળતાં નીકળતાં રાતના નવ વાગી ગયા હતા.

ઉનાળાના સમયમાં રાત્રે ફરવા નીકળવાની બહુ મજા આવતી હોય છે. કારણ કે આખો દિવસ ગરમીમાં ત્રાહિમામ થયા પછી ઠંડી હવાની લહેરખી મન પ્રસન્ન કરી દે છે. તેથી ઘણા લોકો આવા સમયે બહાર ટહેલવા નીકળી પડતા હોય છે.

સોસાયટીની બહાર નીકળી મુકુંદભાઈ મોટા રસ્તે આગળ વધી રહ્યા હતા. સ્ટ્રીટ લાઈટના અજવાળે રસ્તાની બાજુમાં ગરમાળા અને ગુલમ્હોરના ફુલોના ઝૂમખાં આંખને ઠંડક પહોંચાડે તેવાં સુંદર લાગતાં હતાં. તેઓ થોડે આગળ ગયા તો રસ્તાની બાજુમાં પાણીનો અવાજ સંભળાયો. મુકુંદભાઈની નજર એ તરફ ગઈ. રાતના અંધકારમાં એક બાર-ચૌદ વર્ષનો છોકરો પાણીનો નળ ચાલુ રાખી કપડાં ધોતો હતો.

આ દશ્ય જોઈને મુકુંદભાઈથી રહેવાયું નહીં. તે પેલાં છોકરાની નજીક ગયા અને પૂછ્યું,

'બેટા, અત્યારે કપડાં શું કામ ધોવે છે?'

'તો શું કહે, દાદા સમય મળે ત્યારે કપડાં ધોવા પડે.' છોકરાએ જવાબ આપ્યો.

'આખો દિવસ શું કરે છે?' મુકુંદભાઈએ બીજા પ્રશ્ન કર્યો.

દિવસ આખો આ સર્કલ પાસે શેરડીનુ કોલું છે તેના પર કામ કરું છું. તેણે શાંતિપૂર્વક ગંભીરતાથી જવાબ આપ્યો.

'આ ઉંમરે તો ભણવું જોઈએ. તારે આ કામ કરવાની મજબુરીનું કંઈ કારણ...?' મુકુંદભાઈએ તેને પૂછ્યું.

'દાદા, મારી માં નથી. બાલે બીજા લગ્ન કરી મને ઘરમાંથી કાઢી મૂક્યો.' છોકરાએ જરા ઉદાસભાવે કહ્યું.

'પણ બેટા, કપડાં રજાના દિવસે ધોઈ ન શકાય.' મુકુંદભાઈએ આત્મીયતાથી તેને સલાહ આપી.

'દાદા, મારે કયારેય રજા હોતી જ નથી. અઠવાડિયાના આઠે દિવસ કામ કરવું પડે છે. કપડામાં શેરડીનો રસ લાગી જવાથી રાતે કીડીઓ ચટકા ભરીને મને સુવા દેતી નથી. વળી, નસીબ જોગે મારી પાસે આ એક ખમીશ છે.' એટલું કહેતા તે હિબકાં ભરવા લાગ્યો.

મુકુંદભાઈ અસમંજશમાં પડી ગયા. તેમને કંઈ સૂઝતું ન હતું. ઘેર આવી ખુરશીમાં બેઠા. મન બેચેન થઈ ગયું હતું અને ચહેરા પર ઉદાસીનતા છવાઈ ગઈ હતી. તે જોઈ તેમના પત્નીએ કહ્યું, 'શું વાત છે? એવું તે શું બન્યું છે?' આ સાંભળી મુકુંદભાઈએ બનેલી આખી ઘટના કહી.

'એમાં શું ચાલો આપણે તેને અહીં લઈ આવીએ.' તે છોકરો છે કયાં ?' મુકુંદભાઈના પત્ની માધવીને કહયું.

'ચાલ, બતાવું' કહેતા બંને બહાર નીકળ્યાં અને પેલા છોકરાને પોતાની સાથે લઈ આવ્યાં.

આજે એ છોકરો અગિયારમાં ધોરણમાં ભણે છે. તે પણ મુકુંદભાઈના બાળકોની સાથે જ. ગયા વર્ષની પરીક્ષામાં ખુબ સારા માર્ક્સ સાથે તેણે પાસ કરી છે. તેના માટે નવા સ્કૂલ ડ્રેસ સિવડાવ્યા છે. બાકી મુકુંદભાઈના છોકરાના ઉતરેલાં કપડાં તે હોંશથી પહેરે છે ત્યારે મુકુંદભાઈને પણ એ પોતાના બાળકો જેવો જ લાગે છે.

તેણે પોતાનું જુનું ખમીશ હજુ સાચવીને રાખ્યું છે. તેનું કારણ પૂછતાં તેણે આંખમાં આંસુ સાથે કહ્યું કે, એ ખમીશ મારી માં એ મને સીવડાવી આપ્યું હતું.'

# દૂરનાં ડુંગરા પછાડે તો તેના ઘા કદાચ રુઝાઈ જાય, પણ..!!!

**(લોકોક્તિ સૌજન્ય : શ્રી ગોરધન પટેલ"કવિ")**



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

આપણાં દેશની લોકસંસ્કૃતિ ખૂબ જ સમૃધ્ધ છે. એ લોકસંસ્કૃતિને ઉજાગર કરતાં આપણાં લોકસાહિત્યકારો આપણાં પુરાણનાં, ઈતિહાસનાં, ભૂતકાળનાં અને વર્તમાનનાં અનેક પ્રકારનાં પ્રસંગો વર્ણવીને લોકસંસ્કૃતિને ધબકતી રાખવા પ્રયત્ન કરતાં હોય છે. લોકસાહિત્યકારો માત્ર વાસ્તવિક જીવનના જ નહીં પણ કેટલીક ઉપમાઓ અને રૂપકોનો ઉપયોગ કરીને પણ વિવિધ લોકોક્તિઓ દ્વારા સકારાત્મક માહોલ ઊભો કરીને લોકજીવનને ધબકતું રાખતા હોય છે. આવી જ એક લોકોકિત ખૂબ જ જાણીતી છે અને ધણાં લોકસાહિત્યકારો વિવિધ રીતે તેને રજૂ કરતાં હોય છે.

એક નગર છે. રોજ સવારે સફાઈ કરનારાઓ સાવરણા લઈને આખુયે નગર સાફ કરે. એક દિવસ એક સ્ત્રી સાવરણો લઈને સફાઈ કરી રહી હતી ત્યારે તેના પગ નીચે કોઈ નાની પણ કઠોર વસ્તુ દબાઈ અને તે સ્ત્રીનાં ખુલ્લા પગમાં થોડી ખૂંચી. સ્ત્રીએ વાંકા વળીને જોયું તો એ નાની પણ કઠોર કાચ જેવી વસ્તુ હીરાની જેમ ચમકતી હતી. એ હીરા જેવી ચમકતી વસ્તુ સ્ત્રી ઓળખી ન શકી કે એ શું છે કારણ કે આવી વસ્તુ તેણે ક્યારેય જોઈ ન હતી. સ્ત્રીને થયું ચાલ, નગરનાં ઝવેરી પાસે જઈને પૂછું કે આ શું છે? જો કિંમત વસ્તુ હોય તો તેને વેચીને થોડા ધણા પૈસા પણ મેળવી લઉં. એ સ્ત્રી ઝવેરીની દુકાને ગઈ. એ ચળકતી કાચ જેવી વસ્તુ બતાવી. ઝવેરીએ આમતેમ ફેરવી તેની પરખ કરી તો એ એક કિમતી સાચો હીરો હતો. ઝવેરીની દાનત બગડી. ઝવેરીએ સ્ત્રીને ઉધ્ધતાઈથી કહ્યું કે "આવા નકામા કાચનાં ટુકડા લઈને કેમ દોડયા આવો છો, આનું કઈ જ ના ઉપજે, જાવ." આવું બોલીને ઝવેરીએ એ હીરાનો દુકાનનાં એક ખૂણામાં જોરથી ઘા કર્યો. સ્ત્રી તો બિચારી ઝવેરીની માંફી માંગીને ચાલી ગઈ. ઝવેરી મનને મનમાં રાજી થયો કે ચાલ, આજ તો મોંધેરો હીરો મફતમાં હાથ આવી ગયો.

ઝવેરી રોમાંચીત થઈ ઊભો થયો અને જે ખૂણા તરફ હીરાનો ઘા કર્યો હતો એ તરફ ગયો. ઝવેરી વાંકો વળીને હીરો ઉપાડવા જાય છે ત્યાં જ ઝવેરી અવાક થઈ જાય છે કારણ કે એ હીરાનાં ભાંગીને ત્રણ-ચાર કટકા થઈ ગયા હતા. કટકા થઈ ગયેલા હીરાને જોઈને ઝવેરી મનને મનમાં વિચારવા લાગ્યો "જિંદગીમાં પહેલીવાર જે હું હીરો પારખવામાં થાય ખાઈ ગયો. હીરો સાચો હોય તો આમ તૂટે નહીં. ખોટા હીરાને સાચો માનીને હું મોટી ભૂલ કરી બેઠો."

હકીકતમાં એ હીરો સાચો જ હતો. જોરથી ઘા કરવાથી, કોઈ નક્કર વસ્તુ સાથે જોરથી અથડાવાથી તેના કટકા થઈ ગયા હતા. હીરાના કટકા થઈ ગયા એટલે ઝવેરીએ માન્યું કે પોતાની પારખું નજર થાપ ખાઈ ગઈ અને તે ખોટા હીરાને સાચો માની લીધો પણ હવે ખબર પડી કે એ તો ખોટો હીરો હતો. જ્યારે એક પારખું ઝવેરી જેને હીરો પોતિકા માને છે એવા ઝવેરીને જ પોતાની સાચી કિંમત ત ન થઈ અને હીરો પોતે ખોટો છે એવું મણિ લીધું એટલે હીરાનું હદય દ્રવી ઉઠયું. દુઃ ખી થયેલો સાચો હીરો ઝવેરીને કહે છે;

**ચેરીને પગતલ દીધો, તાસે ઘટયો ન માન,**
**જાનનહાર અજાન ભો, તાસે હૈયા ફટાન**

અર્થાત, દાસી (સફાઈ કરનાર સ્ત્રી) નાં પગ તળે આવ્યો ત્યારે મારૂ માન-સન્માન ઘટયું ન હતું પણ એક હીરા પારખું જ મારા અસ્સલ રૂપને પારખી ન શક્યો ત્યારે મારૂ હૈયું ફાટી જાય છે.

આપણાં લોકસાહિત્યની આ લોકોક્તિમાં સાચો હીરો અને ઝવેરી તો એક રૂપક છે. આપણાં દરેકનાં જીવનમાં આવું બનતું રહેતું હોય છે. આપણાં અંગત મિત્રો, આપણાં સ્નેહીઓ, આપણાં સ્વજનો અને આપણાં કુટુંબીજનોને દરેકને પોત-પોતાનું એક અલગ વ્યકિતત્વ હોય છે, અલગ શકિતઓ અને નબળાઈઓ હોય છે, અંગત ગમા-અણગમા હોય છે અને અંગત લાગણીઓ હોય છે. એક અંગત મિત્ર કે સ્વજન તરીકે એ દરેકને આપણી પાસેથી એક અપેક્ષા રહેતી હોય છે કે તેમનું વ્યકિતત્વ, શકિતઓ, નબળાઈઓ, ગમા-અણગમાઓ અને લાગણીઓને આપણે સારી રીતે ઓળખીએ, પિછાણીએ, તેની કદર કરીએ અને તેનું સન્માન કરીએ.

આપણાં પોતાનાં જ સ્નેહીજનની લાગણીઓને ઓળખીને તેને આપણે યોગ્ય સન્માન નથી આપી શકતા ત્યારે તેમની લાગણી દુભાતી હોય છે, તેમની લાગણીને ઠેસ પહોંચતી હોય છે. માત્ર લાગણીને ઓળખવાની કે સન્માન આપવાની જ વાત નથી, બલ્કે અન્ય ધણીબધી રીતે આપણે આપણાં પોતિકાઓની જ લાગણીને દુભાવતા હોઈએ છીએ.

આપણે ક્યારેક જાણતા તો ક્યારેક અજાણતા પોતિકાની લાગણીને ઠેસ પહોંચાડતા હોઈએ છીએ. ક્યારેક તેમનાં ઉપર બિનજરૂરી કે વધારે પડતો અંકુશ રાખીને તેઓને પરેશાન કરતાં હોઈએ છીએ, ક્યારેક મારઝૂડ કરીને તેઓને યાતના આપતાં હોઈએ છીએ, ક્યારેક બિનજરૂરી દલીલો કરીને તેઓને માનસિક ત્રાસ આપતાં હોઈએ છીએ, ક્યારેક બેહૂદી ટીકા-ટિપ્પણી કરીને તેઓને કફોડી હાલતમાં મૂકી દેતાં હોઈએ છીએ, ક્યારેક એકદમ જૂઠ બોલીને તેઓને છેતરતાં હોઈએ છીએ, ક્યારેક ખાનગીમાં તો ક્યારેક જાહેરમાં તેને ઉતારી પાડીને તેઓને નીચા દેખાડતાં કરતાં હોઈએ છીએ, ક્યારેક તેનું અપમાન કરીને કે યોગ્ય સન્માન ન આપીને તેઓનું હળાહળ અવમાન કરતાં હોઈએ છીએ તો ક્યારેક તેને પોતિકાઓથી એકલો અટુલો પાડી દઈને તેની લાગણી દુભાવતા હોઈએ છીએ. પોતાની જ વ્યક્તિની લાગણી દુભાવવાની આ પ્રકારની કોઈપણ રીત અજમાવીને આપણે તેને એવી પરિસ્થિતીમાં મૂકી દેતાં હોઈએ છીએ કે ના તો તે આપણો સામનો કરી શકતી હોય છે કે ન તો આપણો વિરોધ. એવા સંજોગોમાં એ સ્નેહીજન પાસે માત્ર આંસુ સારી લઈને સહન કર્યા સિવાય કશો જ છૂટકો નથી હોતો.

સ્વજનની લાગણી જ્યારે પોતિકા જ દુભાવે છે ત્યારે તેમનું હૈયું હિબકે ચડે છે, તેની આંખોમાંથી આંસુઓની નદીઓ વહે છે, તેમનાં શ્વાસ રુંધાય છે, તેમની જીભ સિવાઈ જઈને મૌન થઈ જાય છે, તેનું શરીર જડ બની જાય છે અને આમ તેને માનસિક તથા શારીરિક પીડા થાય છે. અન્ય કોઈપણ પીડાઓ કરતાં આ પીડા તેમણે વધારે અસહ્ય લગતી હોય છે કારણ કે એ પીડા તેને પારકાઓએ નહીં બલ્કે પોતિકાઓએ જ આપેલી હોય છે.

આપણાં સ્વજનો, આપણાં સ્નેહીજનો કે પોતિકાઓ હંમેશા આપણને અને આપણાં કુટુંબને સમર્પિત હોય છે. આપણાં સુખદુઃખનાં ભાગીદાર હોય છે. તેઓનાં હૈયે હંમેશા આપણું હિત હોય છે. આવી પોતિકી વ્યકિતને જ્યારે આપણે દૂભાવીએ છીએ ત્યારે તેના હૃદયને વધુ ધા લાગે છે, તે વધુ ધવાય છે અને તેની પીડા પણ વધારે થાય છે. પોતિકા દ્વારા લાગેલી એક વખતની ઠેસ પણ વ્યક્તિને જીંદગીભરનો ધાવ અને પીડા આપી જતી હોય છે. દુનિયાની અન્ય કોઈ પરાયી વ્યકિત જે પીડા આપે તેનાં કરતાં પોતિકા જે પીડા આપે તે વધારે અસહ્ય હોય છે અને એ વેદના ખમી ન શકાય એવી હોય છે. એટલે જ એવું કહેવાય છે ને કે દૂરનાં ડુંગરા પછાડે તો તેના ધા કદાચ રુઝાઈ જાય પણ ઘરના ઉંબરા જ પછાડે તો એ ઘાવ ક્યારેય રુઝાતા નથી.

આપણે સૌ આપણાં, પોતીકાનાં ઘરનાં ઉંબરા જેવા છીએ. પોતીકાનાં ઘરનાં ઉંબરા તરીકે આપણાં થકી તેઓને ક્યારેય ઠેસ ન લાગે એટલી કાળજી રાખીએ તો કેટલાયે સ્વજનોને આપણે પીડામાંથી બચાવી શકીએ.

# અમૂલ્ય જીવનને સાર્થક કરવાની તત્પરતા કેમ નથી?



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જનજીવન પ્રતિદિન અજંપા યુક્ત થઈ રહ્યું છે વિશ્વભરમાં પણ તનાવ, ઉગ્રવાહ, હિંસા, શોષણ સતત વધી રહ્યા છે જાણે માનવ કોઈ દાનવની છાયામાં આવી ગયો છે ! કેટલાય જન્મોના સદ્કર્મો બાદ માનવ જન્મ પ્રાપ્ત થાય તેની કોઈ ખેવના પણ રહેવા પામી નથી. બધું જ મને જોઈએ અને અમાપ પ્રમાણમાં જ જોઈએ તેવો એક હઠાગ્રહ પેદા થઈ ગયો છે. ચોવીસ કલાકમાંથી અમુક સમય ઈશ્વર કે ભગવાનનો આભાર માનવામાં પણ આજનો માણસ કાઢતો નથી કમાઈને વાપરવામાં પણ લોભ છે અને કમાણી ઉપર લઈ જઈ શકાતી નથી અન્યને આપો અથવા મૂકી ને જાઓ એ નિયમને જાણ્યા બાદ કોઈ અમલ કરવા તૈયાર નથી. જીવનનું સાર્થક્ય શેમાં છે ? ચિંતન કરવા જેવો વિષય છે પણ સમાજ માત્ર ભોગ અને રોગનાં ભરડામાં બરાબર ભેરવાઈ ગયો છે. આદર્શો કોઈ રહ્યા નથી કે સાચી શ્રદ્ધા નામશેષ થઈ ગઈ છે. અરે ભાઈ, લોકશાહીને જીવંત રાખવા ચૂંટણીઓ તો આવે અને જાય પરંતુ જનજીવનમાં વિષ ઘોળાય એ કેમ ચાલે? બધાને વિચારવાની સ્વતંત્રતા છે પણ નીજી માન્યતાને સર્વ લોકો અનુસરે એવું માનવું એ અજંપાનું જન્મસ્થાન બની જાય છે. જીવન નજર સામેથી રોજ પસાર થાય છે અને તેની અવધિ રોજ કમ થાય છે તે સત્યને નજર અંદાજ કરી શકાય તેમ નથી. જીવમાં ચેતના છે એ જ શિવ છે. રૂહને મૃત્યુથી કોઈ ડર નથી, દેહને કર્મફળનો ભય અવસ્ય સતાવે છે. ઈશ્વરને પ્રેમથી માનતા લોકો બહુ જ કમ છે પણ મુશ્કેલ હાલતમાં એ મદદ કરશે તેવું માની ને માનવામાં ઘણા લોકો છે !! સમયની કદર નથી એટલે જ જીવનની કદર નથી. વાસ્તવમાં સમય એ જ સુપ્રીમ પાવર છે.

ગુસ્સો, દલીલબાજી, નફરત, ધૃણા, હિંસામાં જીવવું એ એક અપરાધ છે કેમ કે જીવન આ પ્રકારમાં જીવવા માટે મળ્યું નથી. પરપીડામાં સહાય કરી જીવનને સાર્થકતા આપવી એનું નામ જ ઈન્સાનિયત છે.

**"જે પ્રાપ્ત છે એ જ પર્યાપ્ય છે**
**આ બે શબ્દોમાં સુખ અપાર છે."**

જીવન માટે વ્યક્તિનોનો ખુદનો આદર ખત્મ થાય પછી જ બધી ખરાબી શરૂ થતી હોય છે. જીવન હશે ત્યાં સુધી તો સમસ્યાઓ પણ રહેવાની તો શું સંઘર્ષ નહીં કરવાનો ? સંઘર્ષથી સફળતા અને આત્મવિશ્વાસ મજબૂત થતા હોય છે. ટૂંકા રસ્તાઓ સફળતા તરફ જતા દેખાય પણ એ લક્ષ્યને ભટકાવે છે મૃગજળથી તૃષા છિપાતી નથી

**'પહેલે લોગ મરતે થે**
**ઔર આત્મા ભટકતી થી**
**અબ આત્મા હી મર ગઈ હૈ**
**ઔર લોગ ભટક રહે હૈ'**

વાસ્તવિક વિશ્વમાં હવે સાદગી, સત્ય, મૂલ્યો તદન ઘટી ગયા છે એટલે વૈશ્વિક રાજકારણ બધાને શાંતિ આપતું નથી. ઝમીરને જીવંત રાખવાની મથામણ કરવી એ જ સાચું જીવન છે, ઝેર સાથે રાખીને જીવવામાં આનંદ લુપ્ત છે. વાણીથી ક્ષમા કરવામાં વિલંબ નથી થતો પણ દિલથી માફ કરવામાં જિંદગી નીકળી જાય તેવી સચ્ચાઈ છે ત્યારે મન વચન કર્મથી જીવનમાં પરમાર્થ ને આવકારવું એ રામરાજયના ઉદય જેવી ઘટના છે. સુંદર શૅર છે -

**'આંખે ભી ખોલની પડતી હૈ**
**ઉજાલે કે લિએ**
**કેવલ સૂરજ કે નિકલને સે હી**
**અંધેરા નહીં જાતા.'**

જીવન ચમત્કારોથી ભરપૂર હોય છે પરંતુ તેને સમજવાની ક્ષમતા અને જોવાની દૃષ્ટિ હોવી જોઈએ. પરકાજે જીવન જે જીવે એ સાર્થક થાય છે તેવી જ સરહદે જવાન પ્રાણ આપે તેને શહીદ કહેવામાં આવે છે. જીવનનને વેંઢારવાનું હોતું નથી તેનો સ્નેહસરિતાના રૂપમાં વહેતું રાખવાનું હોય છે ! વનમાં મનભર ઉપવન મધમધે તો જીવન સાર્થક થાય છે.

સાર્થક જીવન જીવવાની તત્પરતા ઘટી છે કારણ કે ખુદ વ્યક્તિ જ પરેશાન છે, જવાબદારીઓનું દબાણ વધ્યું છે. મજબૂત સાચી શ્રદ્ધા ઘટી છે અને ભૌતિકતા વધી રહી છે એટલે જીવન ખુબ અશાંત બન્યું છે. સ્વપ્ના અને દિવાસ્વપ્નમાં પણ સુખ કશે દેખાતું નથી. કારણ કે શોષણ ઘટી રહ્યું નથી અંતે માણસ હારીને ઉદાસ થઈ જાય છે જેની પ્રતીતિ રોજ બધાને થાય છે !! નિષ્ક્રિય યુધિષ્ઠિર અને સક્રિય દુર્યોધન આજના વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. દરેક વ્યક્તિને તમે જેને જાણો છો એની અંદર એક એવી વ્યક્તિ છે જેને તમે નથી જાણતા અથવા તેને જાણી શકાતી નથી આ પ્રકારની દુનિયામાં આપણે જીવન સાર્થક્ય શોધવાનું છે ! પથ્થરમાં ઈશ્વર છે એ સમજાવવામાં ધર્મ સફળ રહ્યો પણ માણસમાં ભગવાન છે એ સમજાવવામાં ધર્મ નિષ્ફળ રહ્યો તેવી હાલત છે ત્યારે દરિદ્રનારાયણને હૂંફ કે સહાય કરવાથી જીવનમાં હર્ષ જરૂર આવે છે ઈશ્વરે આપેલું જીવન સહેતુક જ હોય છે પણ આપણે સ્વયં એ સ્વીકારતા નથી માટે તેનું મૂલ્ય પણ કરતા નથી. ચિત્રગુપ્ત કોઈ ચોપડા લખતા જ નથી તમે પોતે જ તમારું ચિત્રગુપ્ત રીતે દોરતા રહો છો. આ વાત સમજાય તો માનવીની કર્મ શૈલી અવશ્ય બદલાય જાય છે. કોઈના દિલને તમારા કારણે દુઃખના પહોંચે તેની તકેદારી રાખવી તેનું નામ ધર્મ અને કોઈક નો આત્મા તમારા ભરોસે હૂંફ અનુભવે તેનું નામ કર્મ. જીવનનો આ મર્મ સમજાય તો જીવન જરૂરથી સાર્થક થઈ જાય છે. આપણે જીવન સાર્થકતાના જિજ્ઞાસુ થઈએ એ જ પ્રાર્થના.

**શેર આસ્વાદ :**

**જેને ગમ્યો એમણે ધૂપ કહી દીધો મને**
**ના ગમ્યો જેને એ ધૂમાડો કહી ગયા મને.**